જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૧/૨૦૨૨ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૯૧/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૭	૦	૧૨૭	૩૯૯	૦	૩૯૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૮૬૩૮	૧૨૪	૭૮૭૬૨	૭૯૬૯૫	૧૧૨	૭૯૮૦૭
કુલ		૯૫૨૩૬	૧૨૪	૯૫૩૬૦	૧૦૪૨૨૪	૧૧૨	૧૦૪૩૩૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૯	૪૩,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૧૨	૬,૧૨,૦૦૦/-

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૨૨ લીટર દેશી દારૂ, ૨૩૩૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૪૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૨૦૨ બિયર ટીન, ૨ કાર, ૧ છોટા હાથી અને ૧ ટ્રક કબજે કરી હતી.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૯૪/૨૦૨૨**

"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ નરેશભાઈ નટવરભાઈ પટેલ (ઉ.વ.૪૮) (રહે.પટેલ વાસ ગામ-મહીજડા તા-દસ્ક્રોઈ જી-અમદાવાદ) તા.૧૪/૦૧/૨૦૨૨ રાતના ૮/૩૦ વાગ્યા પહેલા વટવા ગામડી ચાર રસ્તા એસ.પી.રીંગ રોડ નજીકથી પત્ની સાથે મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા નરેશભાઈ પટેલને ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર જ તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર નરેશભાઈ પટેલના કુટુંબી ભાઈ પ્રકાશભાઈ જશુભાઈ પટેલે "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી રાજેશભાઈ સવાભાઈ ચલાવે છે.

પતંગની દોરી ગળામાં આવી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૯૫/૨૦૨૨**

સરખેજઃ પ્રતિકકુમાર નારાણજી દુબે (ઉ.વ.૨૮) (રહે. સ્તવન એરાઇઝ કૃપાલ ફલેટ પાછળ મકરબા સરખેજ) તા.૧૪/૦૧/૨૦૨૨ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે સરખેજ મકરબા રોડ હૈદરી બાગ નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે પતંગ ચગાવવાની દોરી ગળાના ભાગે આવી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને આમેના ખાતુન હોસ્પિટલ લઇ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.ગરચર ચલાવે છે.

પતંગ ચગાવતા પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૯૬/૨૦૨૨**

રામોલઃ રામોલ સોનલ પાપડ ફેકટરીમાં કામ કરતા કમલેશ ઉર્ફે નથુરામ મનોહર વર્મા (ઉ.વ.૧૮) (મુળ વતન. ગામ-તેરાબા તા-અતારરા જિ-બાંદા ઉત્તરપ્રદેશ) તા.૧૪/૦૧/૨૦૨૨ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે એન.કે.આર.ના છાપરાં ઉપર ચઢી પતંગ ચગાવતો હતો ત્યારે છાપરાંનુ પતરૂં તુટી જતા છાપરાં ઉપરથી નીચે પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલ લઇ જતા ફરજ પરના ડોશ્રીએ મૃત જાહેર કર્યો હતો. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૯૭/૨૦૨૨**

વટવા જીઆઈડીસીઃ ગોપાલ સ/ઓ જગન્નાથ સોની (ઉ.વ.૫૯) (રહે. નવી વસાહત વિમલા હોસ્પીટલની ગલીમા જશોદાનગર) તા.૧૪/૦૧/૨૦૨૨ સવારના ૮/૪૫ વાગ્યા પહેલા વટવા જીઆઇડીસી પુનીતનગર ફાટક પાસે રેલ્વે પાટા થાંભલા નં-૪૮૯/૧૯ પાસે અપલાઇન રેલ્વે પાટાની નજીક ટ્રેઈનની અડફેટમાં આવી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૯૮/૨૦૨૨**

રિવરફ્રંટ વેસ્ટઃ સાગરભાઇ રમેશભાઇ પરમાર (ઉ.વ.૨૨) (રહે.રામરાહિમનો ટેકરો કેલીકો મીલ પાછળ બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૧/૨૦૨૨ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે બાબા લબલબી દરગાહ પાસે રીવરફ્રન્ટ વોક વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભગાભાઇ ભેમાભાઇ ચલાવે છે.

અમરાઇવાડીઃ કુંદસ્વામી રાજગોપાલ રેડ્ડીયાર (ઉ.વ.૫૭) (રહે. શિવાજીનગર બાગે ફિરદોશ પોલીસ લાઈનની બાજુમાં અંબીકારોડ અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૧/૨૦૨૨ બપોરના ૩/૪૫ વાગ્યા પહેલા રહેણાંક ખાતે લોખંડની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગજેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.